



શહેરમાં જૈન મહાપર્વ પર્યુષણ ઉજવાઈ રહ્યું છે અને આ નિમિત્તે શહેરના વિવિધ શ્વેતાંબર જૈન દેરાસરોમાં ભગવાનની મૂર્તિને દરરોજ વિવિધ નયનરમ્ય આંગી શણગારથી સજાવવામાં આવે છે. શહેરના સે. ૨૨, સે. ૨૪, સે. ૭ અને બોરિજ વગેરે સ્થળે મહાવીર સ્વામીની કરાયેલી આકર્ષક આંગી રચનાની એક ઝલક.

# આખરે, હાર્દિકના પારણાં : લડત ચાલુ હોવાની જાહેરાત

## ખોડલધામના નરેશ પટેલ, ઉમિયાધામના પ્રહલાદ પટેલ અને સી.કે. પટેલના હસ્તે સાદુ પાણી, લીંબુ પાણી અને નારિયેળ પાણી પીને હાર્દિકે પારણાં કર્યા

અમદાવાદ,તા.૧૨

ખેડૂતોની દેવામાફી અને પાટીદારોને અનામતની માંગણી સાથે પાટીદાર યુવા નેતા અને પાસના કન્વીનર એવા હાર્દિક પટેલે પાટીદાર સમાજની છ સંસ્થાઓના વડીલો અને આગેવાનોની ભારે સમજાવટ અને વિનવણી બાદ આખરે હાર્દિક પટેલે તેના ઉપવાસના આજે ૧૯ મા દિવસે પારણાં કર્યા હતા. જો કે, હાર્દિક પટેલે તેની માંગણીઓને લઈ લડત ચાલુ રહેશે તેવી સ્પષ્ટ જાહેરાત પણ કરી હતી. આજે હાર્દિક પટેલની ઉપવાસ છાવણીના સ્થળે ખોડલધામના નરેશ પટેલ અને ઉમિયાધામના પ્રહલાદ પટેલ અને સીકે પટેલના હસ્તે સાદુ પાણી, લીંબુ પાણી અને નારિયેળ પાણી પીને પારણાં કર્યા હતા. પારણાં બાદ હાર્દિકે કહ્યું હતું કે, પારણાં કર્યા તેનો મતલબ એ નથી કે, સરકાર સામે ઝુકયો છું. સરકાર નહીં પરંતુ વડીલોના આદર સામે ઝૂક્યો છું. પહેલા ભગતસિંહ બનવા નીકળ્યા તો દેશદ્રોહી થઈ ગયા, ગાંધીજી બનીને નીકળ્યા તો નજરકેદ થઈ ગયા. હાર્દિકના ઉપવાસના સમર્થનમાં દેશભરમાંથી નેતાઓ, લોકો આવી રહ્યા હતા. પાટીદારો જ નહીં અન્ય સમાજનું પણ તેને સમર્થન મળી રહ્યું હતું, ત્યારે આજે હાર્દિકને પારણાં કરાવવા અને સમજાવવા માટે પાટીદાર સમાજની છ સંસ્થાઓના આગેવાનો અને વડીલો ઉપવાસ છાવણીએ પહોંચ્યા હતા અને હાર્દિકને ભારે વિનવણી કરી આખરે ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલ અને ઉમાધામના પ્રમુખ પ્રહલાદ પટેલના હસ્તે ૩-૦૦ વાગ્યે હાર્દિકને પારણાં કરાવાયા હતા. સમાજના આગેવાનોના હાથે પારણાં કર્યા બાદ હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૯ દિવસથી હું ઉપવાસ પર બેઠો છું. હું ૩ માંગણીઓ સાથે નિવાસ સ્થાને ઉપવાસ પર બેઠો હતો. આજે મેં મારા ઉપવાસ તોડ્યાં છે. શરમ મને નહીં, સરકારને આવવી જોઈએ. ખેડૂતોનાં માથે દેવું છે તેની ચિંતા સરકારને નથી. જીવીશું તો જીતીશું એ મુદ્દે મેં ઉપવાસ તોડ્યાં છે. સરકાર લોકોનાં પ્રશ્નોને લઈને ગંભીર જ નથી. પોલીસે કાયદા અને મર્યાદાની વિરૂદ્ધ જઈને કામ કર્યું છે. લોકોએ સરકારની સદબુદ્ધી માટે રામધૂન બોલાવી. આ લડાઈ લકઝુરીયસ કારવાળાઓ માટે નહીં ટ્રેકટરવાળાઓ માટે હતી. ખેડૂતોનાં મુદ્દાઓથી ભટકાવવાનું કામ સરકારે કર્યું. ખેડૂતોનાં મુદ્દાઓ માટે હવે હું ગામડે ગામડે જઈશ. ખેડૂતોની મુશ્કેલીઓને હું સમજી શકું છું. આ લડાઈ લોકક્રાંતિનાં માર્ગે છે. લોકક્રાંતિનાં નારા સાથે ખેડૂતોનું આહ્વાન કરૂ છું. આ અનામત કે ખેડૂતો માટેની લડાઈ નથી રહી. લોકશાહી બચાવવાની આ લડાઈ બની ગઈ છે. ગાંધી અને સરદારનું ગુજરાત તાનાશાહી શાસનવાળું રાજ્ય બન્યું. હવે ઘરે ઘરે લોકક્રાતિનાં નારાની જરૂર છે. સરકારે સાબિત કરી દીધું છે કે પાટીદાર સમાજની તેમને જરૂર નથી. આંદોલન હવે દેશવ્યાપી બનશે. ગુજરાતમાંથી ઘણા બધા લોકો મારી સાથે ઉપવાસ પર બેઠા હતા. છ સંસ્થાઓના અગ્રણીઓએ વિનંતી કરી કે જીવીશું તો લડીશું, લડીશું તો જીતીશુંના મુદ્દા સાથે આજે બધા મિત્રોએ મને પારણાં કરાવવા માટે આવ્યા છે. તમામ લોકોનું હું સ્વાગત કરું છું. રાજયના સવા ચાર કરોડ ખેડૂતોની સરકારને કોઈ ચિંતા નથી, સરકારે વાટાઘાટો માટે નહી આવીને સાબિત કરી દીધુ કે, સરકારને ખેડૂતોની કોઈ પરવા કે ચિંતા નથી. દરમ્યાન નરેશ પટેલે હાર્દિકના પારણાં કરાવ્યા બાદ જણાવ્યું હતું કે, હાર્દિકના પારણાંથી મને ખૂબ આનંદ થયો છે. હાર્દિક હશે તો બધું થશે. આજે અમે છીએ કાલે અમે નહીં હોઈએ. આવનારા સમયમાં સંગઠન અને જવાબદારી તમારા ખભે આવવાની છે. તૈયાર રહેજો આજની પરિસ્થિતિ કંઈ પણ હોય આવનારી પરિસ્થિતિનો સામનો મોટો પાયે તમારે કરવાનો રહેશે. તો, સી.કે.પટેલે ચેતવ્યા હતા કે, સમજીને ચાલજો, તમારી વચ્ચે આવીને કોઈ ભાગ ન પડાવી જાય, ખોટા માર્ગે ન દોરી જાય. સંગઠિત રહેજો અને સાથે રહેજો. હાર્દિકે પાટીદાર સમાજ માટે ખૂબ જ મહેનત કરી છે અને તેની આ મહેનત નિષ્ફળ નહીં જાય તેવી હું મા ખોડલથી પ્રાર્થના કરું છું.




# પારણા બાદ હાર્દિક પટેલ પર નીતિન પટેલના પરોક્ષ પ્રહાર

## ગુજરાત સાથે કોઇપણ પ્રકારના લેવા દેવા ન ધરાવનારના હાથે હાર્દિકે પાણી પીધું પણ નરેશ પટેલનો અનાદર કર્યો

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે હાર્દિક પટેલ ઉપર ફરી એકવાર પ્રહાર કર્યા હતા. હાર્દિક પટેલની પરોક્ષરીતે ઝાટકણી પણ કાઢી હતી. નીતિન પટેલે કહ્યું હતું કે, ગુજરાત સાથે જેને કોઈ પ્રકારના લેવા દેવા નથી તેમના હાથે હાર્દિકે પાણી પીધું છે પરંતુ હાર્દિકે નરેશ પટેલના આદરનો અનાદર કર્યો હતો. આને લઈને પહેલા પણ પ્રશ્નો ઉઠ્યા હતા અને આજે નીતિન પટેલે આખરે પ્રશ્ન કરી દીધો હતો. હાર્દિક પટેલે પારણા કર્યા બાદ અને આ અંગે પાસ કન્વીનર મનોજ પનારાએ જાહેરાત કર્યાના થોડા સમયમાં જ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે હાર્દિકના પારણાં અંગે પ્રતિક્રિયા આપી હતી.

આ દરમિયાન નીતિન પટેલે જણાવ્યું હતું કે, હાર્દિકે સ્વયં પારણાં અંગે જાણકારી આપી. મોડે મોડે પણ પારણાં કરવાનો નિર્ણય સારો છે.હાર્દિકે સમાજના અગ્રણીઓની લાગણી દુભાવી છે. હાર્દિકે પારણાં કરવાનો થોડો મોડો નિર્ણય લીધો તેણે આ નિર્ણય પહેલાં કરવાની જરૂર હતી. મારે હાર્દિકને પૂછવું છે કે, જેને ગુજરાત સાથે કોઈ લેવા દેવા નથી, તેમના હાથે પાણી કેમ પીધું? હાર્દિકે નરેશ પટેલના આદરનો અનાદર કર્યો છે.

નીતિન પટેલે આગળ જણાવ્યું હતું કે, હાર્દિકે સરકારની સલાહ માની નહોતી. પાટીદાર સમાજના આગેવાનો સરકાર સાથે ચર્ચા કરે છે. સરકાર વ્યાજબી અને યોગ્ય મુદ્દાઓ સ્વીકારે છે. અમારી પાસે રાજ્યનો કોઈ પણ સમાજ પોતાની માંગણી કે મળવા આવે તો અમે તેમને સમય આપીએ છીએ. હાર્દિક પટેલના આ નિર્ણયની જાણ અમને આજે મળેલી મંત્રીમંડળની મીટિંગમાં થઈ હતી. નાયબ મુખ્યમંત્રીએ પોતાની વાત પૂર્ણ કરતા કહ્યું હતું કે, ગુજરાતમાં શાંતિ સલામતી એક્તા અને એક્તાનો વ્યવહાર સારી રીતે ચાલે, અમારી પ્રજાલક્ષી કામગીરી, ખેડૂતલક્ષી, યુવાલક્ષી , મહિલાલક્ષી, સૌનો સાથ સૌનો વિકાસની કામગીરી પ્રજા આવકારી રહી છે.

# હિંમતનગર પાલિકાના વોર્ડ-૪ની ૭ ઓકટોબરે ચૂંટણી યોજાશે

## કોંગ્રેસના કોર્પોરેટરનું નિધન થતા જગ્યા ખાલી પડી હતી : ૧૧ મતદાન કેન્દ્ર પર મતદારો મતદાન કરી શકશે

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર નગરપાલિકાના વોર્ડ નં. ૪માંથી ચૂંટાયેલા કોંગ્રેસના કોર્પોરેટરનું સાડા ત્રણ માસ અગાઉ આકસ્મિક નિધન થતા આ બેઠક ખાલી પડતા જિલ્લા ચૂંટણી પંચ દ્વારા નિયમ મુજબ પેટા ચૂંટણી કરવા માટે મંગળવારે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે. જે મુજબ આગામી તા. ૭ ઓક્ટોબરના રોજ ચૂંટણી યોજાશે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર પાલિકામાં અત્યારે ભાજપ સત્તાના સુત્રો સંભાળી રહ્યુ છે. જેમાં ભાજપે ૨૭ જયારે કોંગ્રેસે ૯ બેઠકો અગાઉની ચૂંટણીમાં મેળવી હતી. દરમ્યાન પાલિકાના વોર્ડ નં. ૪માં ભાજપને એક તો સામે પક્ષે કોંગ્રેસને ત્રણ બેઠક મળી હતી. જોકે કોંગ્રેસને ઓછી બેઠકો મળતા અત્યારે નગરપાલિકામાં તે વિરોધ પક્ષની ભૂમિકા ભજવી રહ્યો છે.

દરમ્યાન સાડા ત્રણ માસ અગાઉ નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા તથા વ્યવસાયે વકિલ એવા જગદિશભાઈ જયસ્વાલનું આકસ્મિક નિધન થતા પાલિકામાં કોંગ્રેસની એક બેઠક ઓછી થઈ હતી. તો બીજી તરફ હિંમતનગર પાલિકાની મુદત હજુ અંદાજે ૨ વર્ષ પછી પૂર્ણ થવાની હોવાથી વોર્ડ નં. ૪માં એક બેઠકની પેટાચૂંટણી કરવી અનિવાર્ય હોવાને કારણે મંગળવારે રાજ્ય ચૂંટણી પંચના આદેશ મુજબ જિલ્લા કલેક્ટરે તેનું જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે.

આ જાહેરનામામાં જણાવાયા મુજબ વોર્ડ નં. ૪ની પેટા ચૂંટણી માટે તા. ૨૨-૯-૨૦૧૮ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. ત્યારબાદ ૨૪ ઓકટોબરે ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે તથા તા. ૨૫ ઓક્ટોબર સુધી ઉમેદવારી પત્રો પરત ખેંચાયા બાદ તરત જ આખરી ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ થશે. જેના કારણે વોર્ડ નં. ૪ના મતદારોમાં અત્યારથી બંને પક્ષના કોણ ઉમેદવાર બનશે તે અંગે અનેક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે વોર્ડ નં. ૪ની પેટા ચૂંટણીમાં જો પુનઃ મતદાન કરાવવું પડશે તો તેના માટે તા. ૮ ઓકટોબે મતદાન કરાવાશે. ત્યારબાદ તા. ૯ ઓકટોબરે મતગણતરી કરાયા બાદ પરીણામ જાહેર થશે.

## મોડાસાની શ્રીમતી વી.વી. શાહ એમ.એસ.સી. કોલેજમાં પીએચપી વિષય પર સેમિનાર યોજાયો

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વિ.વિ. શાહ એમ.એસ.સી. (સીએ એન્ડ આઈટી) કોલેજ, મોડાસામાં પી.એચ.પી. વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. અમદાવાદથી ટોપ્સ ટેકનોલોજીમાંથી આવેલ રાજેશ નાગરે વિદ્યાર્થીઓને પીએચપી વિષયનો આઈટી ક્ષેત્રમાં ઉપયોગ તથા વેબસાઈટ બનાવવાની માહિતી પુરી પાડી હતી. આ સેમિનારમાં સંસ્થાના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી, સંસ્થાના આચાર્ય પરિમલ એમ. શાહ તથા સમગ્ર સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. આકાશગીરી ગોસ્વામીએ કર્યુ હતુ.

# તલોદમાં ૧૫ તપસ્વીઓના તપથી ધાર્મિક માહોલ છવાયો

તલોદ, તા. ૧૨

શ્વેતામ્બર જૈન સમાજના પૂર્વાધિરાજ પર્યુષણ પર્વ અંતિમ તબક્કામાં પસાર થઈ રહ્યો છે. ત્યારે શ્રી તલોદ જૈન સ્વેતામ્બર મુર્તિપુજક સંઘ તલોદમાં ૧૫ તપસ્વીઓ અલગ-અલગ પ્રકારની તપ આરાધના કરતા શ્વેતામ્બર જૈન સમુદાયમાં પર્યુષણ પર્વને લઈને અનેરો ઉત્સાહ ઉમંગ થનગનાટ જોવા મળી રહ્યો છે.

સાબરકાંઠા જિલ્લાની જૈન નગરી એવા તલોદ ખાતે આવેલા ત્રણ જીનાલયોમાં સવારથી જ ભગવાનની સેવાપુજા, વ્યાખ્યાન પ્રતિક્રમણ ચાગીના દર્શન જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમોની સાથે સાથે શ્રી તલોદ જૈન શ્વેતામ્બર મુર્તિપુજક સંઘમાં પર્યુષણ પર્વ નિમિત્તે તલોદના આંગણે ચાતુર્માસ કરવા પધારેલ શાસન સમ્રાટ પરમ પૂ નેમૂસુરીશ્વરજી મહારાજ સાહેબ



સમુદાયના પ.પુ. શ્રી જીતેન્દ્ર કિર્તિ રાજીમતી મહારાજ સા.ના શિષ્ય પ.પુ. મુક્તિમતીશ્રીજી મ.સા.ના પુ મતિશ્વરાશ્રીજી, મ.સા.પુ. શ્રૃતધરાશ્રીજી મ.સા. આદિઠાણા-૮ની નિશ્રામાં નવ તપસ્યા થતા આગમ અઠ્ઠાઈ તપના ૩ તપસ્વીઓમાં વિશાલ ભીખાલાલ શાહ, પારૂલ શિરીષકુમાર શાહ, રીન્કુ પ્રફુલ્લકુમાર મહેતા ૩૦ ઉપવાસના તપસ્વી અતુલકુમાર લક્ષ્મીચંદ શાહ ૧૬ ઉપવાસના તપસ્વી, દર્શીત સુભાષચંદ્ર શાહ અને અઠ્ઠાઈ તપના તપસ્વીઓમાં પ્રણવ અનિષકુમાર શાહ, રોશન પ્રકાશભાઈ મહેતા, જૈનિલ યતિનકુમાર દેસાઈ, જયા દીપકકુમાર મહેતા, ભુમિ ચેતનકુમાર શાહ, ખૂશ્બૂ મિતેશકુમાર શાહ, ક્રિના મિતેશકુમાર શાહ, વિધિ ચંદ્રેશકુમાર દેસાઈ, ૭ ઉપવાસના તપસ્વી મૈત્રી મનિષકુમાર શાહ તથા ૩૧ તપસ્વીઓ ૪૫ દિવસના એકાસણાની આકરી તપસ્યાની કરી છે.

## પાણી સપ્તાહ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગ્રામીણ વિસ્તારોમાં પાણી વિતરણ વ્યવસ્થાનું બાહ્ય મૂલ્યાંકન પણ કરવામાં આવનાર છે. ગુજરાત સરકાર દ્વારા પહેલીવાર પાણી સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરાયુ છે. સપ્તાહની ઉજવણી દરમ્યાન પાણીનું ઓડિટ, વૉટર મેનેજમેન્ટ જેવા વિષયોને લઈ પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. વાસ્મો દ્વારા આ સપ્તાહની ઉજવણી માટેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે સપ્તાહના અંત સુધીમાં આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.જિલ્લામાં પેયજળની સ્થિતિ પણ આ સપ્તાહની ઉજવણી દરમ્યાન સ્પષ્ટ થશે.

## શ્રીજીની શોભાયાત્રા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જયારે આગળ વધીને પથિકાશ્રમ થી ઘ-૪ અને સે-૧૭ : ૨૨ થઈને પંચદેવ મંદિર તરફના રૂટમાં આગળ સે-૨૨ રંગમંચ પહોંચશે. જયાં સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસ દ્વારા શ્રીજીની મુર્તિની પ્રાણ પ્રતિષ્ઠા અને પુજા આરતી કરવામાં આવશે. રાત્રિના ૮ કલાકે રાજયના મુખ્ય સચિવ જે એન સિંગ દ્વારા મંગલર દિપ પ્રાગ્ટય કરવામાં આવશે. ત્યારબાદ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવશે.આ કાર્યક્રમનુ સંચાલન ડો ચેતના બુચ કરશે. ગણેશજીના દર્શનનો સમય દરરોજ સવારે ૮ થી રાત્રિના ૮ કલાક સુધીનો રહેશે. જયારે આરતી પણ સવારે અને રાત્રિના ૮ કલાકે યોજાશે. આરતીનો લાભ લેવા ઈચ્છતા ભાવિકોએ ભવ્યાબેન ઠાકોરનો ૭૦૧૬૬૩૩૬૬૩ સંપર્ક કરવા જણાંવાયુ છે. નગરજનોને ગણેશજીના દર્શન સાથે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનો લાભ લેવા પણ સમિતિએ જણાંવ્યુ છે.

## બ્રેક

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આજે કોઈ વધારો કરવામાં ન આવતા દિલ્હીમાં પેટ્રોલની કિંમત લીટર દીઠ ૮૦.૮૭ના સ્તર પર રહી હતી. જ્યારે ડીઝલની કિંમત ૭૨.૯૭ રૂપિયા રહી હતી. દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં પેટ્રોલની કિંમત ૮૮.૨૬ રૂપિયા રહી હતી. જ્યારે ડીઝલની કિંમત ૭૭.૪૭ રૂપિયા રહી હતી. આવી જ રીતે ચેન્નાઈમાં પેટ્રોલની કિંમત આજે લીટરદીઠ ૮૪.૭૪ રૂપિયા રહી હતી. આવી જ રીતે ડીઝલની કિંમત ૭૪.૮૨ રૂપિયા રહી હતી. કોલકત્તામાં પણ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો થયો છે. કારણ કે અહીં સરકારે વેટમાં ઘટાડો કર્યો છે. કેટલાક રાજકીય પંડિતો માની રહ્યા છે કે આગામી મહિનાઓમાં રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે જેથી પેટ્રોલિયમ પેદાશોના ભાવમાં વધારા પર બ્રેક મુકવામાં આવે તેવી શકયતા છે. રાજસ્થાન અને આંધ્રપ્રદેશ સરકાર દ્વારા વેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. હાલમાં ભાવ વધારાને લઈને સામાન્ય લોકો ત્રાહીમામ પોકારી ગયા છે.

## પ્રત્યાર્પણ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જેટલીએ કહ્યું હતું કે, વિજય માલ્યા સેટલમેન્ટની એક ઓફર સાથે તેમને મળ્યા હતા. બાકી તમામ પ્રકારના આક્ષેપ આધારવગરના છે. તેમને મળવા માટે તેમને કોઈપણ એપોઈન્ટમેન્ટ આપી ન હતી જેથી તેમને મળવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતાં નથી. અરુણ જેટલીએ આ પ્રકારના આક્ષેપોને ફગાવી દીધા હતા. ભારત છોડવાના કોઈ સંકેત આપ્યા હતા કે કેમ તે અંગે પૂછવામાં આવતા જેટલીએ રદિયો આપ્યો હતો.



**ડીસામાં વિઘ્નહર્તાનું આગમન**

પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહુતી બાદ આજે ગણેશચતુર્થીના શુભ દિવસથી ગણેશોત્સવની ઉજવણીનો મંગળ પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે બનાસકાંઠાના ડીસા ખાતે ગણેશોત્સવની ઊજવણી માટે ઉત્સાહભર્યો માહોલ પ્રવર્તી રહ્યો છે.લોકો પોતાના ઘર માટે પણ ગણેશજીની નાની મૂર્તિઓ ખરીદી રહ્યા છે.ગણેશોત્સવના પ્રારંભ પૂર્વે ગતરોજ ડીસામાં નાના ભૂલકાઓથી લઈ અન્ય ભાવિકો પણ ગણેશજીની મૂર્તિઓ લઈ જતા નજરે પડ્યા હતા.

## ગુજરાતના વરિષ્ઠ પત્રકાર જયસુખ શાહનું દુઃખદ અવસાન

'સંદેશ' દૈનિકના પીઢ પત્રકાર જયસુખભાઈ શાહનું આજે દુઃખદ અવસાન થતાં પત્રકાર જગતમાં ઘેરાશોકની લાગણી પ્રસરી જવા પામી છે.

રાજકીય વિશ્લેષક તરીકે તેમણે એક આગવી ઓળખ ઉભી કરી હતી. આ ઉપરાંત સચિવાલય તેમજ વિધાનસભામાં પણ રિપોર્ટીંગ ઘણાં લાંબા સમય સુધી કર્યું હતું. થોડા સમય પૂર્વે તેમના પર સફળ બાયપાસ સર્જરી પણ કરવામાં આવી હતી. જયસુખભાઈ શાહની આજે ચાર વાગે અંતિમયાત્રા નીકળી હતી. જેમાં વરિષ્ઠ પત્રકારો, આગેવાનો તેમજ સમાજના અગ્રણીઓ, રાજકીય નેતાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# રાજ્યભરમાંથી પ્રકાશિત અખબારના તંત્રી-પ્રકાશકો દ્વારા માહિતી નિયામકને રજૂઆત

ગાંધીનગર,

ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા અખબારોને જાહેરખબર ફાળવવા અંતર્ગત જાહેરખબરની નીતિ સને ૨૦૦૬માં ઘડવામાં આવી હતી. જેને ૨૦૦૭માં થોડાઘણા સુધારા સાથે પુનર્ગઠિત કરવામાં આવી હતી. આ નીતિ અન્વયે જ તમામ અખબારોને જાહેરખબરની ફાળવણી તથા જાહેરખબરની મંજૂરી આપવામાં આવે છે. આ વખતે માહિતી ખાતા દ્વારા વિજ્ઞાપનની પોલીસીની બહાર જઈને ઈન્કમટેક્સ રીટર્ન અંગેની પોલીસી બહારની ક્ષતિ ઊભી કરવામાં આવી છે. જે અંતર્ગત આ પ્રક્રિયાનો વિરોધ કરવા સમગ્ર રાજયભરમાંથી અનેક અખબારોના તંત્રી-પ્રકાશકો મોટી સંખ્યામાં ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે એકત્રિત થયા હતા. અહીં સૌ તંત્રી-પ્રકાશકમિત્રોએ એકત્રિત થઈને માહિતી નિયામકશ્રીની કચેરીએ જઈને નિયામકશ્રીને આ અંગે સરળીકરણ અને જાહેરખબરની નીતિ મુજબ જ ચાલવા અનુરોધ કરી તે મુજબ જ તમામ અખબારોની જાહેરખબર રિન્યુઅલ કરવા રજૂઆત કરી હતી.